# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટ અને મોરબીમાં વિવિધ વિકાસકાર્યોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.**
2. **રાજ્યમાં સમાન નાગરિક સંહિતા ( UCC)ને લાગુ કરવા પૂર્વે જૂનાગઢ અને મોરબીમાં વિવિધ ક્ષેત્રનાં પ્રતિનિધીઓ સાથે બેઠક યોજાઈ.**
3. **સ્પીપા, ગાંધીનગર ખાતે આજે "ઓગમેન્ટિંગ પોસ્ટ-હાર્વેસ્ટ ઇકોનોમી" વિષય પર વર્કશોપ યોજાશે.**
4. **રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગરમીથી રાહત મળવાની હવામાન વિભાગની આગાહી.**
5. **IPL ટી-20 ક્રિકેટમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પંજાબ કિંગ્સે ગુજરાત ટાઇટન્સને 11 રનથી હરાવ્યું.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM RAJKOT MORBI VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટ અને મોરબીમાં વિવિધ વિકાસકાર્યોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી પટેલ રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળના 565 કરોડ 63 લાખ રૂપિયાનાં વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે.

મુખ્યમંત્રી રાજકોટમાં કુલ 183 આવાસોનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરીને લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવામાં આવશે. આ ઉપરાંત તેઓ શહેર પરિવહન માટેની 25 નવી સી.એન.જી. ફ્યુઅલ આધારિત બસને લીલીઝંડી આપી રવાના કરશે.

મુખ્યમંત્રી હેમુ ગઢવી હોલ ખાતે વિચરતી-વિમુક્ત જાતિના 500થી વધુ લાભાર્થીઓને જમીનના પ્લોટની સનદ વિતરણ કરશે. તેઓ રાજકોટ જિલ્લાના પીપળીયા ખાતે રાવળ સમાજના ૧૭૪ લાભાર્થીઓને પ્લોટની પ્લોટની સનદનું વિતરણ કરશે.

દરમિયાન, મુખ્યમંત્રી આજે મોરબી જિલ્લાનાં વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાપર્ણ કાર્યક્રમોમાં પણ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે પ્રભારી મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા પણ ઉપસ્થિત રહેશે.

---

# CM SWAGAT PROGRAMME

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આવતી કાલે યોજાશે.

અરજદારો અને રજૂઆતકર્તાઓ સવારે સાડા નવ થી 12 વાગ્યા સુધીમાં પોતાની રજૂઆતો , સ્વર્ણિમ સંકુલ-૨ , ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના જનસંપર્ક એકમમાં રૂબરૂ આવીને કરી શકશે.

---

# RAJKOT TB PROGRAMMS

રાજકોટ જિલ્લામાં વિશ્વ ક્ષય દિવસનાં એક મહિનાં પહેલાં એટલે કે 25 ફેબ્રુઆરીથી જ ટીબી મુક્ત ભારત અભિયાન અતંર્ગત વિવિધ કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા હતા. એક મહિનો ચાલેલા આ અભિયાનમાં જિલ્લાનાં ક્ષય કેન્દ્રો અને આરોગ્ય મંદિરોમાં ટીબી તપાસ અને નિદાન સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી.

પ્રસ્તુત છે અમારા રાજકોટ જિલ્લાનાં પ્રતિનિધિનો અહેવાલ.

(VC – JAYDEEP PATEL)

---

# UCC MEETING

રાજ્યમાં સમાન નાગરિક સંહિતા U.C.C.ને લાગુ કરવા પૂર્વે જૂનાગઢ અને મોરબીમાં ગઈકાલે સમાન સિવિલ કોડ સમિતિના સભ્યોએ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લાના પ્રમુખ નાગરિકો, વકીલો, સામાજિક અગ્રણીઓ અને વિવિધ ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. સમિતિના સભ્યો દક્ષેશ ઠાકર અને ગીતા શ્રોફે જૂનાગઢમાં વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ પાસેથી આ કાયદા અંગે અભિપ્રાયો,મંતવ્યો અને સૂચનો મેળવ્યા હતા.

બોટાદ જિલ્લાના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભીમાણીએ જણાવ્યું કે , જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આયોજિત બેઠકમાં U.C.C. માટે રચાયેલી સમિતના સભ્યો સી.એલ. મીણા તેમજ આર.સી.કોડેકર ઉપસ્થિત રહ્યા હતા. મોટાભાગના લોકોએ U.C.C.ની તરફેણમાં મંતવ્ય રજૂ કર્યા તો મુસ્લિમ આગેવાનોએ તેનો વિરોધ કર્યો હતો.

---

# POST HARVEST ECONOMY WORKSHOP

સ્પીપા, ગાંધીનગર ખાતે આજે "ઓગમેન્ટિંગ પોસ્ટ-હાર્વેસ્ટ ઇકોનોમી" વિષય પર એક દિવસીય વર્કશોપ યોજાશે. ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. તેમજ ગુજરાત રાજય ઇન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન ( GRIT) દ્વારા પોસ્ટ-હાર્વેસ્ટ ઇકોનોમીને પ્રોત્સાહન આપવા માટે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્કશોપમાં કૃષિ પેદાશોની લણણી , પેકેજિંગ, સંગ્રહ અને માળખાગત સુવિધાઓ, માર્કેટિંગ અને કન્ઝ્યુમર ટ્રેન્ડ્સ જેવા મુદ્દા પર વિચાર વિમર્શ કરવામાં આવશે.

આ ઉપરાંત વિવિધ વિષય નિષ્ણાતો દ્વારા કૃષિ અને અન્ન પ્રક્રિયા ઉત્પાદનોના સંચાલન , માળખાકીય સુવિધાઓ , સંગ્રહ અને માર્કેટિંગમાં આવતી મુશ્કેલીઓ અને તેના ઉકેલો અંગે પોતાના વિચારો રજૂ કરશે.

આ વર્કશોપમાં ગુજરાતના વિવિધ ખેડૂત ઉત્પાદક સંગઠનો ( FPOs), ઉદ્યોગ નિષ્ણાતો, એગ્રીગેટર્સ, કૃષિ સેવા પ્રદાતાઓ , સ્ટાર્ટઅપ્સ, MSMEs, કૃષિ યુનિવર્સિટીઓ, સ્વ-સહાય જૂથો અને કૃષિ ઉદ્યોગ સાહસિકો ભાગ લેશે.

---

# YARD CLOSE

**આજથી 1 એપ્રિલ સુધી બનાસકાંઠા જિલ્લાના મોટાભાગના ગંજ બજારમાં રજા રહેશે. માર્ચ એન્ડિંગના હિસાબોને કારણે મહિનાના છેલ્લાં સપ્તાહમાં થરાદ , ભાભર, દિયોદર, લાખણી ધાનેરા સહિતના મોટાભાગના એપીએમસી માર્કેટ યાર્ડમાં રજાઓ જાહેર કરવામાં આવી છે. બે એપ્રિલથી યાર્ડ રાબેતા મુજબ ચાલુ કરવામાં આવશે.તેમ યાર્ડ દ્વારા ખેડૂતોને જણાવવામાં આવ્યું છે.**

---

# RESERVOIRS - GUJARAT

**ઉનાળાના પ્રારંભમાં રાજ્યના જ ળાશયોનું સરેરાશ સ્તર અંદાજિત 61 ટકા જેટલું થયું છે. સૌથી વધુ 66 ટકા જળ સ્તર દક્ષિણ ગુજરાતના જળાશયોમાં નોંધાયું છે. રાજ્યના 63 જેટલા જળાશયોમાં 30 ટકાથી ઓછું જળસ્તર નોંધાયું છે.**

**ગત વર્ષે સમાન સમયગાળા દરમ્યાન જળસ્તર અંદાજિત 58 ટકા જેટલું નોંધાયું હતું. સરદાર સરોવરમાં અંદાજિત 64 ટકા , ઉત્તર ગુજરાતમાં 36 ટકા અને મધ્ય ગુજરાતમાં 62 જેટલું જળસ્તર છે. કચ્છના કાલિયા , દેવભૂમી દ્વારકાના સૈની અને જૂનાગઢના પ્રેમપરા જળાશયોમાં જળસ્તર તળિયે પહોંચ્યા છે.**

---

# CM DASHBOARD - BOTAD

**ડિજિટલ ટેકનોલોજી આધારિત પ્લેટફોર્મ CM ડેશબોર્ડની કામગીરીમાં બોટાદ જિલ્લો રાજ્યભરમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યો છે.**

**સરકારની યોજનાઓના પરિણામલક્ષી અને લોકાભિમુખ અમલમાં છેલ્લા 140 દિવસોથી સતત પ્રથમ ક્રમાંક મેળવીને બોટાદે આ સફળતા પ્રાપ્ત કરી છે. આ**

ઉપરાંત કુલ 365 દિવસો પૈકી 222 દિવસો એટલે અંદાજિત 61 % દિવસો દરમિયાન પ્રથમ પાંચ જિલ્લાઓમાં સ્થાન જાળવી રાખ્યું છે.

CM DASHBOARD PORTAL - RTPMS અંતર્ગત નાણાંકીય વર્ષ 2024-25માં બોટાદ જિલ્લો 40 % દિવસોમાં પ્રથમ ક્રમાંક પર રહ્યો છે. આ ઉપરાંત મહેસૂલ વિભાગને લગતી કામગીરીમાં 90 % કામગરી પૂર્ણ કરીને જિલ્લો પ્રથમ ક્રમાંક પર છે.

---

# TAPI TRAFFIC AWARENESS

તાપી જિલ્લા પોલીસે વધી રહેલા અકસ્માતો પર નિયંત્રણ લાવવા જનજાગૃતિના ઉદ્દેશ્યથી નવો પ્રયોગ હાથ ધર્યો છે. તાપી પોલીસે નેશનલ હાઇવે રોડની આસપાસ સ્થાનિક ભાષામાં લોક જાગૃતિના હોર્ડિંગ્સ અને અકસ્માતમાં સંપૂર્ણ નાશ પામેલી કાર પ્રદર્શિત કરીને અકસ્માતની ભયાનકતા દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ અંગે તાપી જિલ્લાના ડીવાયએસપી ઈશ્વર પરમારે વધુ માહિતી આપી.

(BYTE ISHWAR PARMAR)

---

# GIR SOMNATH – SEIZURE

ગીર સોમનાથ જિલ્લામાં ખાણ અને ખનીજ કચેરીની તપાસ ટીમ દ્વારા બ્લેકટ્રેપ અને લાઈમસ્ટોન ખનીજનું બિનઅધિકૃત વહન કરી ખનીજ ચોરી કરવા બદલ કુલ ૫૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

અમારા ગીર સોમનાથ જિલ્લાના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે , રોયલ્ટી પાસ કરતાં વધુ ખનીજોનું બિનઅનધિકૃત વાહન કરતાં ત્રણ વાહનોને જપ્ત કરવામાં આવ્યા છે. દંડની રકમ વસૂલવા બાબતે વહીવટી તંત્ર દ્વારા નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

---

# WEATHER

રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગરમીથી રાહત મળવાની હવામાન વિભાગની આગાહી છે. આજે આણંદમાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરવામાં આવી છે.

છેલ્લાં 24 કલાકમાં અમદાવાદ 41.5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી વધુ ગરમ શહેર રહ્યું હતું. છેલ્લાં પાંચ દિવસમાં અમદાવાદનું મહત્તમ તાપમાન છ ડિગ્રી વધ્યું છે. ગઈકાલે રાજ્યનાં આઠ શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીને પાર થયુ હતું , જેમાં રાજકોટ , ડાંગ , ગાંધીનગર, વડોદરા, ડીસા અને અમરેલી જિલ્લાનો સમાવેશ થાય છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રેય યાદવે હવામાનની આગાહી કરતા આ મુજબ જણાવ્યુઃ

## (BYTE RAMASHREY YADAV)

---

# IPL CRICKET

IPL ટી-20 ક્રિકેટમાં પંજાબ કિંગ્સે ગઈ  કાલે રાત્રે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સને 11 રનથી હરાવ્યું હતું. પંજાબ કિંગ્સ દ્વારા નિર્ધારિત 244 રનના લક્ષ્યનો પીછો કરતા ગુજરાત ટાઇટન્સે 20 ઓવરમાં 5 વિકેટે 232 રન બનાવ્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી સાઈ સુદર્શને  74 રન અને જોસ બટલરે 54 અને શેરફેન રધરફોર્ડે 46 રન બનાવ્યા હતા. પંજાબ કિંગ્સ તરફથી અર્શદીપ સિંહે બે વિકેટ ઝડપી હતી જ્યારે માર્કો જેનસેન અને ગ્લેન મેક્સવેલે એક-એક વિકેટ ઝડપી હતી. અગાઉ બેટિંગ કરવા ઉતરેલી પંજાબ કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને 243 રન બનાવ્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી રવિશ્રી નિવાસન સાઈ કિશોરે ત્રણ જ્યારે કાગિસો રબાડા અને રાશિદ ખાને એક-એક વિકેટ ઝડપી હતી.

પંજાબ કિંગ્સ તરફથી શ્રેયસ અય્યરે અણનમ   97 રન બનાવ્યા હતા. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. પ્રિયાંશ આર્યએ   47 અને શશાંક સિંહે અણનમ  44 રન બનાવ્યા હતા. અગાઉ ગુજરાત ટાઇટન્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. આજે      ,  રાજસ્થાન રોયલ્સ ગુવાહાટીના બરસપારા ક્રિકેટ સ્ટેડિયમમાં કોલકાતા નાઈટ રાઇડર્સ સામે ટકરાશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

---